# ૪૫. प्रातः-स्मरणम् ।

(વસંતતિલકા)

प्रातः स्मरेद्भगवतो वरविठ्ठलस्य पादारविन्दयुगलं सकलार्थसिद्ध्यै ।
यो वै वितर्कतमसा पिहितं स्वभक्तं प्रीतः "शमादिव पुरोदिततिग्मरश्मिः" ॥१॥

પ્રાતઃકાલે સમગ્ર અર્થની સિદ્ધિ માટે સર્વોત્તમ ભગવાન શ્રીવિઠ્ઠલેશના ચરણકમલનું સ્મરણ કરવું, પ્રસન્ન થયેલાં જે ચરણ તર્કવિર્તકરૂપી અંધકારથી ઢંકાયેલ અર્થાત્ અંધ થઈ ગયેલ પોતાના ભક્તના, આગળ ઉદય પામેલ સૂર્યની માફક, શાંતિથી અંધકારનું શમન કરનાર છે. ૧

प्रातः स्मरेन्नमननिर्वृतिदं मुरारेः पूर्णावतारवरविठ्ठलपादपद्मम् ।
मायाविकृत्यगहनं गतबन्धुलोके यो वै स्वमार्गमनयत्कृपया प्रपन्नम् ॥२॥

પ્રાતઃકાલે નમન માત્રથી આનંદનું દાન કરનાર, શ્રીકૃષ્ણચંદ્રના પૂર્ણાવતાર શ્રેષ્ઠ શ્રી વિઠ્ઠલેશના ચરણકમલનું ધ્યાન કરવું, જેણે માયાવી લોકોનાં કૃત્યોથી ઘાટા જંગલરૂપ વનમાં જેમના બંધુઓ ચાલ્યા ગયા છે તેવા લોકોમાંના શરણાગત જીવને કૃપાથી પોતાના માર્ગમાં લીધો છે. ૨

प्रातर्भजेदमलमूर्मिनन्तशक्तेः श्रीविठ्ठलस्य जनतापहरस्य नित्यम् ।
यो वै जनस्य शतजन्मकृतापराधं पादानतस्य कृपयापनुनोद सत्यम् ॥३॥

પ્રાતઃકાલે અનંત શક્તિવાળા, જનના તાપને નિત્ય હરણ કરનાર, શ્રીવિઠ્ઠલપ્રભુચરણની નિર્મલ મૂર્તિનું ધ્યાન કરવું, જે શ્રીવિઠ્ઠલેશપ્રભુએ ચરણોમાં નમેલ પોતાના જનના, સેંકડો જન્મોમાં કરેલા અપરાધ ખરેખર કૃપાથી નાશ કરી નાખ્યા છે. ૩

प्रातर्नता भजत भक्तजनाः सशिष्या नारायणं नरवरं द्विजविठ्ठलेशम् ।
धर्मार्थकामभवमोक्षदमंहसोऽरि संसारदुःखशमनं गुरुमादिदेवम् ॥४॥

હે સશિષ્ય ભક્તજનો ! નારાયણ, નરમાં શ્રેષ્ઠ, ધર્મ અર્થ કામ અને મોક્ષનું દાન કરનાર, પાપના શત્રુ, સંસારના દુઃખનું શમન કરનાર, આદિદેવ, ગુરુ બ્રાહ્મણ શ્રી વિઠ્ઠલેશ પ્રભુનો પ્રાતઃકાળ નમીને આશ્રય કરો. ૪

प्रातर्जना गदत नाम नरोत्तमस्य श्रीविठ्ठलस्य हरिवल्लभवल्लभस्य ।
ईष्टार्थदं सुखकरं मतिमानदं च सर्वाधशोकशमनं गदतो नरस्य ॥५॥

હે મનુષ્યો ! નરોમાં ઉત્તમ શ્રીહરિ જેને વહાલા છે તેવા શ્રીવલ્લભપ્રભુના વહાલા, શ્રીવિઠ્ઠલેશનું નામ પ્રાતઃકાલે બોલો, જે નામ મુખથી બોલતા નિજજનને ઈષ્ટ અર્થનું દાન કરનાર, સુખ કરનાર, બુદ્ધિ અને માનનું દાન કરનાર અને સર્વ પાપના સમૂહને શાંત કરનાર છે. ૫

यः श्लोकपञ्चकमिदं सततं पठेच्चेत् स स्यात्सुखी सुविषयी विदुषां वरिष्ठः ।
देवोपदेवगणभीतिहरं च हारं सर्वावतारशमनं हरितोषणं च ॥६॥

જે મનુષ્ય હંમેશાં આ પાંચ શ્લોકોનો સવારમાં પાઠ કરે તે મનુષ્ય વિદ્વાનોમાં શ્રેષ્ઠ સુખી અને ભગવન્મય, જેવા સર્વ શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધાદિ વિષયો છે તેવો થાય. આ સ્તોત્ર દેવ-ઉપદેવગણો સંબંધી ભયને હરનાર સુંદર, બધા જન્મો લેવાનું બંધ કરનાર એટલે નિત્યલીલાનું દાન કરનાર અને શ્રીહરિને પ્રસન્ન કરનાર છે. ૬

इति श्रीहरिदासोदितं श्रीविठ्ठलेश्वराणां प्रातःस्मरणस्तोत्रं संपूर्णम् ।

❑❑❑